લેખ શિક્ષણ.

ચીઠીઓ, કાગળો, તથા અરજીઓ સહીત.

રચી પ્રસિદ્ધ કરનાર.
પટેલ ભાઈલાલ રાંમદાસ
બુકસેલર એન્ડ પબ્લીશર

ન્યુ ગુજરાત બુક ડેપો.

અમદાવાદ.
ગુજરાત ગેઝેટ પ્રેસ.
અને
પેટલાદ
“પારસમણી” પ્રેસ.

સંવત. ૧૯૫૨ સને. ૧૮૯૬
કીંમત. રૂ. ૦-૩-૦

લેખ શિક્ષણ.

(ચિઠ્ઠીઓ, કાગળ તથા અરજીઓ સહિત)

રચી પ્રસિદ્ધ કરનાર

પટેલ. ભાઈલાલ રામદાસ
બુકશેલર એન્ડ પબ્લીસર
ન્યુ ગુજરાત બુક ડેપો.

અમદાવાદ
ગુજરાત ગેઝેટ પ્રેસ
અને

પેટલાદ
"પારસમણી" પ્રેસ

સંવત ૧૯૫૨ સને ૧૮૯૬
કીમત રૂ. ૦-૩-૦

અર્પણ પત્રિકા.

રા. રા. વિઠલભાઇ ગોવીંદભાઈ
ગામ ભુંભેલના માસ્તર સાહેબ.

આપ મારા નિકટના સંબંધી છો, બાળ કેળવણી મેં આપને ત્યાં રહીનેજ લીધી હતી; સગાઓને તથા જ્ઞાતિ ભાઇઓને વિદ્યાશ્રય આપવામાં આપ ઉદાર વૃતિના છો, કુળમાં, ગામમાં, જ્ઞાતિમાં સંબંધીને સ્નેહીમાં પ્રતિષ્ટત છો, સંસારી સુધારામાં આગળ પડતા છો, ગ્રંથકર્ત્તાઓને ઉત્તેજન આપતા આવ્યા છો, ગ્રંથકર્ત્તા તરીકે મારૂં નામ જોવાને ઉત્સુક છો એ કારણોથી તલ્લિન થઇ આ લઘુ ચોપડી આપને અર્પણ કરૂં છું તે માન સાથે સ્વીકારશોજી.

નડિઆદ
ન્યુ ગુજરાત બુક ડેપો.

લી. આજ્ઞાંકિત નમ્ર સેવક
પટેલ ભાઈલાલ રાંમદાસ
કર્તા.

લેખ શિક્ષણ.

કાગળો વિસે સામાન્ય સમજણ.

માણુસો કામ પ્રસંગે કાગળ ઉપર લખીને એક બીજાને હકીકત જણાવેછે તેને કાગળ અથવા પત્ર કહેછે

અટકો વીશે સમજણ.

બ્રાહ્મણને—ગોર, જાની, ત્રવાડી, દવે, પંડયા, પાઠક, ભટ, મહેતા, વ્યાસ, સુકલ, વીગેરે

વાણીઆને—શા (શાહુકાર) પરીખ, વીગેરે

ભાટીઆ અને લુવાણાને—ઠક્કર, **કણબીને**—પટેલ અને કણબી,

રજપુતને—જાડેજા, સોલંકી, ચાવડા, વાઘેલા, ગોહલ, વગેરે.

કોળીને—કોટવાળ, બારીઆ, પગી, વગેરે.

મુસલમાનને—શેખ, સૈયદ, પઠાણુ, મલેક, વગેરે.

કાગળનું મથાળુ લખવાની રીત.

બાપ ઉપર કાગળ લખવો હોયતો શિર છત્ર તિર્થરૂપ લખવા, બીજા પણ જે બાપ જેવા ગણાતા હોય (ગુરૂ, કાકા) વગેરે, તેમને તીર્થ સ્વરૂપે તીર્થરૂપ લખવા અને જો તેઓ બાપનીજ ગરજ સારતા હોયતો તેમને શીરછત્ર લખવામાં વાંધો નહિં.

સ્ત્રી વર્ગ—સુવાસિત તમામને અખંડ સોભાગ્યવતી, કે શ્રીમતી, વિધવાને ભગવતી, વડીલ વીધવાને ગંગાસ્વરૂપ, અને કુમારીકાને સરસ્વતી રૂપ લખાય છે.

બરોબરીઆમાં—યથાયોગ્ય, કે ઘટારત લખે છે.

કાગળમાં એક બીજાની નાતોમાં લખવાની સમજણ.

બ્રાહ્મણુ બ્રાહ્મણુને—દંડવત કે નમસ્કાર લખે છે.

બ્રાહ્મણુ બીજા હિંદુને—આર્શીવાદ લખે છે.

વૈષ્ણુવમાં—જે ગોપાળ, જેશ્રીકૃષ્ણુ, કે ભગવદ સ્મરણુ લખે છે

શ્રાવકને—જુહાર બોલે તથા લખે છે

બાપને અથવા ગુરૂને—સાષ્ટાંગ દંડવત પ્રણુામ લખવાનો રીવાજ છે.

નાનાને (ઉતરતાને) આર્શિર્વાદ કે આશિષ લખવાનો રીવાજ છે.

મોટાને (વડીલને)—પ્રણુામ, દંડવત કે દંડવત પ્રણુામ લખે છે.

પાટીદાર, રજપુત, કણુબી, કાછીઆ, કોળી, તથા ઉતરતી જાતના હિંદુમાં રામ રામ લખવાનો રીવાજ છે.

નાના મોટા સર્વને—ઘટારત કે યથાયોગ્ય લખાય

હિંદુઓ—મુસલમાન પારસી વગેરેને સલામ લખે છે તેમ બીજાઓ હિંદુઓને પણુ સલામ લખે છે.

મુસલમાન મુસલમાનને દુવાસલામ લખે છે.

ભાગ ૨ જો

ચીઠીયો

પ્રીયભાઇ શ્રી પુરશોતમ બાબરભાઈ.

મેં આજ રોજ બપોરના બે વાગે આપને ત્યાં વાંચવા આવવાનું કહ્યું હતું પરંતુ આજે ઘર આગળ કંઇ જરૂરનું કામ આવી પડવાથી મ્હારાથી આવી શકાશે નહીં તે માફ કરશો એજ વિનતી.
તા.   મા.   સ.

તમારો સત્ય સ્નેહી. ભાઇલાલ દેશાઇભાઇના પ્રણામ.

સદા સુખેચ્છક મુરબ્બી માસ્તર સાહેબ.

વિનંતી જે મારા પિતાજી આજે સુરત જવાના છે. તેથી મને જરૂરના કામ સારૂં રાખ્યો છે. માટે હું આજ આપના ઉત્તમ શિક્ષણનો લાભ લઇ શકીશ નહીં તેથી ઘણોજ દિલગીર છું. શેવકની આજની રજા પુરશો એવી આશા રાખું છું તા.   મા.   સ.

આજ્ઞાંતિક સેવક. ભીખાભાઇ રણછોડભાઈ

મ્હોટા માણસ ઉપર.

મહેરબાન શેઠ સાહેબ કુંવરજી બેજનજી

સાહેબજી આ ચીઠ્ઠી લાવનારને આપણા બાગમાંથી ચંબેલીના છોડ કઢાવી આપવાની કૃપા કરશો એવી આશા છે. તસ્તી માફ કરશોજી. તા.   મા.   સ.

લી. સેવક. છોટાલાલ વલવભાઇ

પ્રીય ભાઈ ભાઈલાલ સોમાભાઈ

વિનતી જે—આપને ત્યાં આપની જુની ચોપડીઓ છે તેમાંથી હાલ જે તમારા ખપમાં આવતી ના હોય તે આ ચીઠ્ઠી લાવનાર

માણુસ સાથે મોકલશો તો મોટી મહેરબાની થશે વાંચી થોડા દિ-
વસમાં હું પાછી મોકલાવી દઇશ. તા મા. સ.

સ્નેહી. સોમાભાઈ વલ્લવભાઈ

સલામસાથે ઉત્તર.

વિનંતી જે—ચીઠ્ઠી લાવનાર તમારા માણુસ સાથે પુસ્તકમાળા તથા સાતમી એ બે ચોપડીઓ આપી છે. તે વાંચી થોડા દિવસમાં મોકલાવશો એવી આશા રાખું છું તા. મા. સ.

સ્નેહી. ભાઇલાલ સોમાભાઈ

વહેવારી કામની ચીઠીઓ.

પરી. નાનાલાલ છગનલાલ.

જત લખવાનુંકે—આ ચીઠી લાવનાર અમારા ગુમાસ્તા લલ્લુભાઇ બાપુજીને રૂ. ૫૦) અંકે રૂપીઆ પચાસ સીંહાસી અમારે નામે લખીને આપજો એજ સંવત ૧૯૫૨ના ચૈતર વદી. ૯

લી. પટેલ ભાઇલાલ રાંમદાસ સહી દા. પોતે

भाग २ जो.

કાગળો

કાગળમાં અવશ્ય લખવાની બાબતો.

૧—કાગળ જે ગામ લખવો હોય તે ગામનુ નામ. તાલુકો, પોસ્ટ.

૨—જેના ઉપર કાગળ લખવો હોય તેનું પુરેપૂરૂ સરનામું અટક સાથે લખવું.

૩—જે ગામથી કાગળ લખવો હોય તે ગામનું નામ તાલુકો ને પોસ્ટેજ લખવું.

૪—કાગળ લખનારે પોતાની જે હકીકત લખવાની હોય તે બરોબર પેટાં પાડીને લખવી.

૫—કાગળ ક્યારે લખ્યો તેની તારીખ. માસ, સન વીગેરે લખવું.

૬—લખનારે પોતાના તરફથી સલામ વીગરે લખવું.

૭—લખનારે પોતાના તરફથી સુખાકારી વીગરે લખવું.

કાગળમાં આવતા કઠણ શબ્દો.

સ્વસ્તી—કલ્યાણ	સેવામાં—ચાકરીમાં	ચિંતા—ફીકર
શ્રી—સોભાયમાન	અત્રે—અહીં	સંતોષ—નીરાંત
મહા—મોટું	કૃપાથી—દયાથી	નિરધાર્યા—નક્કીકર્યા
સ્થાન—ઠેકાણું	પરમ—ઘણો	શ્રીમંત—પૈસાદાર
આજ્ઞાંકિત-હુકમપાળનાર	કુશળતા—સુખીપણું	દીસશે—દેખાશે
સેવક—દાસ	આનંદ—ખુશી	કાળોત્રી—મોતની ખબર
સાષ્ટાંગ—આઠઅંગસાથે	સંભાળ—અરદાસ	કંકોત્રી—સારી ખબર
પ્રણામ—પગેલાગવું	સમાચાર—ખબર	સહેવું—ખમવું

દીકરાનો બાપ ઉપર કાગળ.

સ્વસ્તી શ્રી નડિઆદ મહાસુભસ્થાને પુંજ્યારાધે શિરછત્ર તી-

થંરૂપ મુરબ્બી પિતાજી નાથાભાઇ દાજીભાઇ એતાનશ્રી અમદાવાદથી લખીતંગ આજ્ઞાંતિક સેવક સંકરભાઇ નાથાભાઇના સાષ્ટાંગ દંડવત પ્રણામ સ્વીકારશોજી ઈશ્વર કૃપાથી હું કુશળ છું આપની કુશળ ખબરનો કાગળ ઘણા દિવસથી આવ્યો નથી તેથી ફીકર થાય છે. માટે લખવા તસ્તી લેશો, વિશેષ વિનંતીકે અમારી પરિક્ષા તા. ૨ ને રોજ થઇ ગઇ છે તેમાં હું બધી બાબતોમાં પાસ થયોછું બીજું મારી તરફથી કશી ફીકર રાખશો નહીં એજ સંવત ૧૯૫૨ના ચૈતર વદી. ૯

લી. શેવક. સંકરભાઈ નાથાભાઇ

બાપનો દીકરા ઉપર કાગળ.

સ્વસ્તીશ્રી અમદાવાદ મહાસુભસ્થાને ચિ. સંકરભાઈ નાથાભાઇ એતાનશ્રી નડિઆદથી લખીતંગ. શુભેચ્છક નાથાભાઇ દાજીભાઈની આશિષ વાંચજો હું અહીઆં ખુશીમાંછું તમારી કૂશળ ખબરનો કાગળ ચૈતર વદી. ૯નો લખેલો આવ્યો તે વાંચી સર્વે સમાચાર જાણ્યા તમો પરીક્ષામાં પાસ થયા તે બહુ સારૂં થયું બીજું તમો આવો ત્યારે હીરકોરી જોટો નંગ. ૧ રૂપીઆ ૧૦ સુધીનો તથા બરફ શેર. ૩ તથા ખેસ કસબી નંગ. ૧ આશરે રૂ. ૨૦) નો આટલું જરૂર તમો આવો ત્યારે લેતા આવજો હું બે ત્રણ દિવસ સોરા રૂપીઆ મોકલી આપીશ બીજું મારા તરફની કશી ફીકર રાખશો નહીં એજ સંવત ૧૯૫૨ના ચૈતર વદી. ૧૨

લી. નાથાભાઈ હાજીભાઈ.

દીકરાનો બાપ ઉપર કાગળ બીજો સુધરેલી રીતે ગામથી લખેલો.

શિરછત્ર તિર્થરૂપ પિતાજી શ્રી.

આપના આશિર્વાદને ઇશ્વર કૃપાવડે હું ક્ષેમ કુશળ અહીં પહોંચ્યોછું તેમ આપ પણ કુશળ હશો. પિતાજી! ઈગ્લાંડ ઉપડતી વખતે મેં જે ખ્યાલ આ દેશ વિશે કર્યો હતો તેથી મેં ઘણુંજ વિશેષ જોયું છે.

મુંબાઇનું વર્ણન—આહા!! હું તેનાં શું વખાણ કરૂં! આવી ખુબ સુરત નગરી આખા હિંદુસ્તાનમાં નથી. તે જોઈ મારી નજર તો છકજ થઈ ગઈ જોતાં જોતાંમાં વિચાર પેદા થાય કે આ ખરો દેખાવ કે ખોટો! હું ઉંઘુંછું કે જાગુંછું. આ નગરી માણુસની છે કે દેવતાની આમ મનમાં કેટલીવાર થયાં કર્યું. રસ્તાઓમાં કેવા કેવા ફુવારા અને સ્થંભો? ટ્રાંવેલો? એક જોઇએ કે બીજું ભુલી જવાય આ જોઈએ કે તે જોઈએ બીજું રસ્તાની ખુબ સુરતી જોઈ જીવ ખુશ ખુશ થઈ જાય. દીવાળીના તહેવારમાં રાતની વેળાએ જેવા આનંદથી આપણે ફરવા નીકળીએછીએ તેથી વધારે આનંદથી અહીંઆંના લોકો નીત્ય ફરવા નીકળે છે. આપણા ગામની દીવાળી અહીંની દીવાળીની રોજની દીવાળીના વટાવમાં જાય.

લી. ચી. પુરશોતમ બાબરભાઈ

વડીલ ઉપરનો કાગળ.

(કાકા, મામા, માસા. મોટાભાઇ વિગેરે ઉપર)

સ્વસ્તીશ્રી નડીઆદ મહાસુભસ્થાને પુજ્યારાધે સર્વેસુભોપમા જોગ સદા સુભેચ્છક મુરબ્બી પટેલ. હાજીભાઇ લખમીદાસ એતાનશ્રી ગામ ઓડથી લખીતંગ આજ્ઞાંકિત સેવક પા. વાલાભાઈ બાપુજીના દંડવત પ્રણામ સેવામાં અંગીકાર કરશો જત હું આપની કૃપાથી કુશળ છું તમારી કુશળતાનો પત્ર ચૈતર વદી ૯ નો લખેલો આવ્યો તે વાંચી હું ઘણોજ ખુશી થયો, વળી એજ પ્રમાણે પત્ર લખવાની કૃપા કરશો બીજું તમો આવો ત્યારે મારે વાસ્તે પાઘડી પેંઠની નંગ. ૧ આશરે રૂ—૧૯)ની લેતા આવજો બીજું અહીં મણીલાલ વીગેરે ખુશીમાં છે એજ સંવત ૧૯૫૨ના ચૈતર વદી ૧૧

લી. વાલાભાઇ બાપુજી.

કંકોત્રી

સ્વસ્તી શ્રી નડિઆદ મહાસુભસ્થાને પુજ્યારાધે સર્વ સુભોપમાલાયક પટેલ, મથુરાભાઇ શાંમળભાઇ એનાનશ્રી. કેરીઆવીથી લખીતંગ પટેલ. ઝવેરભાઇ બાબરભાઇના રાંમ રાંમ વાંચજો વિશેષ લખવા કારણ એછે જે ચિરણજીવી ડાહ્યાભાઈનાં શુભ લગ્ન વૈશાખ સુદી ૮ ને બુધવારનાં નિરધાર્યાં છે તે ઉપર આપ સાથ સર્વને તેડીને વહેલા પધારશો તમો આવ્યાથી મંડપની શોભા સારી દીસશે એજ ૧૯૫૨ના વૈશાખ સુદી. ૧

લી. પા. ઝવેરભાઈ બાબરભાઇ

અસુભ ચીઠ્ઠી.

ગામ બોરસદ મધે પા. અમથાભાઇ બાબરભાઈ જત નડીઆદથી લી. પા. વેરીભાઇ વાઘજીભાઇના રામ રામ વાંચજો જત લખવા કારણ એછે જે અમારા કાકા પટેલ નાથાભાઈ જોરાભાઈ સંવત ૧૯૫૨ના મહાસુદ ૯ ને બુધવારે દેવલોક પામ્યા છે તે જાણજો તેમનું ખર્ચ માહા વદી ૬ ને વાર શનેઉનું છે તે ઉ-પર સાથ સર્વેને તેડી પધારજો એજ સં ૧૯૫૨ના માહા સુદી ૧૦

સ્રીને પત્ર

સ્વસ્તી સોજીત્રા મહાસુભસ્થાને સદગુણથી ભરપૂર સુશોભિત અખંડ સોભાગ્યવંતી પ્રાણપ્યારી કાશી એતાન શ્રી નડિઆદથી લ-ખીતંગ વિયોગે દુઃખી શુભેચ્છક છોટાભાઈ જોરાભાઈના આશીરવાદ વાંચવા જત અત્રે હું ખુશી આનંદમાંછું અને તમે પણ હશો બી-જું હે સુંદરી જે સ્રી પતિવ્રતા છે. અને જેણે જ્ઞાન સંપાદન કર્યું છે તેજ આ દુનિઆમાં જીવતાં છે. જ્ઞાન કરીને આપણાં શાં કર્ત-વ્ય છે. તે બરાબર સમજાય છે માટે તમો અભ્યાસ વધારો કરજો બધારે લખવું પડે એમ નથી હું આ પત્રનો જવાબ મળવાને આશા રાખુછું એજ સંવત ૧૯૫૨ના ચૈતર વદી ૧૨

લી. પા. છોટાલાલ જોરાભાઈ

સ્રીએ સ્વામીને લખવાનો કાગળ.

સ્વસ્તીશ્રી નડિઆદ મહાસુભસ્થાને પુજ્યારાધે આનંદ દાયક સો-ભાગ્ય ભુષણ શીરોમણી સુખદાતા સ્વામીનાથ પા. છોટાભાઈ જોરા-ભાઈની સેવામાં લી. આજ્ઞારૂપ દાશી કાશીના નમ્રતા પૂર્વક સાષ્ટાંગ દંડવત પ્રણામ અંગીકાર કરશો પરમ કૃપાળુ ઈશ્વરની તથા આપની દયાથી હુ ખુશીમાંછું આપની સુખકારીનો પત્ર ચૈતર વદી. ૧૩નો લખેલો તે મને મળ્યો તેથી વધારે આનંદ પામુંછું આશા રાખુછું કે એજ પ્રમાણે ધર્મપત્નીની સંભાળ લેતા રહેશો અત્રે મને સર્વે પ્રકારે સુખ છે. પણ આપના વિયોગથી ઉદાસીછું. આપે કરેલી સૂ-ચના બરાબર છે તે પ્રમાણે દાશી પોતાનો અભ્યાસ આગળ ચલાવે છે ને જ્ઞાનનો વધારો કરે છે એજ સંવત ૧૯૫૨ના ચૈતર વદી ૧૫

લી. દાશી કાશી.

આ ઉપર લખવાનો કાગળ.

પરમપુજ્ય તીર્થરૂપ માતુશ્રી. ગંગાબા સુભસ્થળ સુરતથી લ-ખીતંગ. આપનો આજ્ઞાંકિત સેવકના. સાષ્ટાંક દંડવત પ્રણામ સ્વીકારશો હું અત્રે કુશળછું વિશેષ વિનંતી કે અમારી પરિક્ષા મહિના સોરી થવાની છે. એટલે હું સવા મહિના સોરો ઘેર આવીસ માટે તમારે અહીંથી કંઈ મંગાવવું હોય તો તાકીદથી કાગળ લખશો મારા તરફ-ની કશી પણ ફીકર રાખશો નહીં. બીજું મારાવતીના સર્વને ગટા-રત કહેશો એજ વીનંતી તા. માસ સન

આજ્ઞાંકિત સેવક. સોમાભાઈ ખુશાલભાઇ.

મ્હોટાભાઇ ઉપર કાગળ.

પરમપુજ્ય મુરબ્બી ભાઇશ્રી નારણભાઈ બાપુજી

સ્વસ્તીશ્રી વડોદરા મહાસુભસ્થાને પુજ્યારાધે મુરબ્બી ભાઈશ્રી. નારણભાઈ બાપુજી એતાનશ્રી અમદાવાદથી લખીતંગ આ. સે. મોતીભાઇ બાપુજીના દંડવત પ્રણામ સ્વીકારશોજી ઇશ્વર કૃપાથી આપણા ઘરમાં સર્વે કુશળ છે આપની કુશળ ખબરનો પત્ર આવ્યો નથી માટે સંભાળીને લખતા રહેશોજી બીજુ મારા જેવું કામકાજ લખશો એજ વીનંતી તા. મા. સ.

આ. સે. મોતીભાઇ બાપુજી.

બેનપણી ઉપર કાગળ.

સ્વસ્તી શ્રી અમદાવાદ મહાસુભસ્થાને સર્વે સુભોપમા જોગ અખંડ સોભાગ્યવંતી પ્રાણપ્યારી સખી ચંદ્રગૌવરી એતાન શ્રી નડિઆદથી લી. ઘણા દિવસના વિયોગથી દુઃખીત બગની વિશ્નુના પ્રણાંમ વાંચશો અત્રે સર્વે કુશળ છે અને તમારી કુશળતાનો કાગળ લખશો

હકીકત—પ્રીય સખી નાનપણમાં ભેગાં રમતાં હતાં તે આજ તો એવાં જૂદાં પડીગયાં છીએ કે મળવું દુલ્લભ થઈ પડયું છે અત્રે સર્વ બાબતનું સુખ છે. કોઈ વાતની ન્યુનતા નથી ને મારે અભ્યાસ સારો ચાલે છે, આવા વખતમાં તમારા જેવી સખી પાસે હોયતો કેવું સારૂં પણ પ્રભુની મરજી હેતા રાખોછો તેવું ને તેવું રા-

ખરો એજ તા. મા.

સેવક વિશ્નુએનના પ્રણામ

ભાગ ૪ થો.

ખત પત્ર!

વહેવારમાં એક બીજાને રૂપીઆ તથા માલ મિલ્કત આપવા લેવાની તથા અનેક પ્રકારના કરારો કરવાની માણસને જરૂર પડે છે. તેમાં કંઈ પણ તકરાર ન પડે. તથા કોઇથી વાંકુ ના બોલાય તે સારૂ ઓછામાં ઓછા બે સાક્ષીઓ પાસે રાખીને તે લખી રાખવામાં આવે છે. તેને ખત અથવા દસ્તાવેજ કહે છે

દસ્તાવેજમાં લખવા જેવી બાબતો.

૧—સંવત, માસ, તિથી, વાર, તારીખ, માહે, સન,

૨—દસ્તાવેજ લખીઆપનારની અડક, નામ ને રહેવાનું ઠેકાણું. કેટલાક ઉપર જ્ઞાત, કસબ લખાય છે.

૩—દસ્તાવેજના ખરા પણા માટે આબરૂદાર માણસની સાક્ષીઓ તથા લખીતંગની સાક્ષી કરાવવી.

૪—દસ્તાવેજ લખાવી લેનારની અટક, નામને રહેવાનું ઠેકાણું.

૫—દસ્તાવેજ લખી આપનાર માણસનું મતુ કરાવવું ને જો તે ભણેલો ના હોય તો તેના હાથની નીસાની કરાવવી.

કરજાઉ ખતની સમજણ.

સમજુત—દેવું કાઢેલા રૂપીઆ માટે જે દસ્તાવેજ કરી આપવામાં આવે છે તેને કરજાઉ ખત કહે છે. દેવું બે પ્રકારે મળે છે. એક અવેજમાં કાંઈ આપ્યા વગર બીજુ અવેજમાં કાંઇ માલ મીલકત આપીએ ત્યારે તેથી કરજાઉ ખતના બે પ્રકાર થાય છે પહેલા પ્રકારનાં અંગાઉ કે અંગ ઉધાર કહેવાય છે ને બીજા પ્રકારનાં ગિરો કે ઘરાંણીઆં કહેવાય છે.

કરજાઉ ખત.

સંવત ૧૯૫૨ના વરષે શ્રાવણ સુદી ૧૦ને વાર મંગળ તા. ૨૦ અગષ્ટ સને ૧૮૯૫ દીને આહેહંગ શહેર મહેમદાવાદ વાસ્તેવંમ પટેલ બાબરભાઇ મથુરભાઈ જ્ઞાતે લેઉવા પાટીદાર ઉમર વર્ષ ૫૦ની કસબ ખેતીનો પારસાત મહેમદાવાદ તાલુકાના ગાંમ વાંટવાળી વાસ્તેવંમ પટેલ બાપુજી નાથાભાઇ જ્ઞાતે લેઉવા પાટીદાર ઉમર આસરે વરસ ૩૭ ની કસબ ખેતીનો હસ્તા અખરાણુ દસ્તવાનજત અંગ ઉધાર રૂપીઆ ૨૦૦ અંકે બસેં સીંહાસી પુરાદેવા તેનું વ્યાજ માસ એકે રૂપીઆ એકે દોકડા એક લેખે ચઢે મુજમલે માસ એકના દોકડા બસેં ચઢે એ રૂપીઆ તથા વ્યાજ દીવાળી બાકી અધીક માસ ગણીને વ્યાજના વ્યાજ સાથે જ્યારે ધણી માગે ત્યારે આપીએ તો અમારી જાત વારસથી તથા હરેક મીલકતથી પૂરા કરી લો આ ખત અમોએ અમારી રાજી ખુ-

શીથી લખી આપ્યું છે. તે અમારા વાલી વારસને કબૂલ મંજૂર છે એજ સવત ૧૯૫૨ના શ્રાવણ સુદી ૧૦—

અત્ર મતુ અત્ર સાખ

૧ પા. બાપુજી નાથાભાઈ સહી દા. પોતે.

૧ પા. પરસોતમ ચુનીલાલ સાખ દા. પોતે

૧ શા. વીઠ્ઠલભાઈ ધનજીભાઈ સાખ દા. પોતે

કાંધા ખતની સમજણ.

થોડી થોડી આવકવાળા માણસો થોડે થોડે રૂપીઆ ભરવાની સરતે દેવું કાઢે છે તેને કાંધુ કહે છે એમાં વ્યાજ બદલ પ્રથમથીજ મુદલ રૂપીઆ આપી તેમાં ચઢાવી લે છે તેને ચઢાવો કહે છે. ને તેનો દર રૂ. ૨૦) ઉપર હોય જેમકે સાડી એકવીસુ કાંધુતો તેમાં રૂપીઆ ૨૦ મુદલ આપીને દોઢ ચઢાવી લે તેને સાડી એકવીસુ કાંધુ કહે છે.

કાંધા ખત.

સંવત ૨૯૫૨ના શ્રાવણ સુદી ૧૫ને વાર સુક્ર તા. ૨૫—૭—૯૫ના અંગ્રેજી દીન આદેહંગ શા. બાપૂજી કૂબેરદાસ રહેવાસી મોજે નરસંડા તાલુકે નડીઆદના ગામનાં પારસાત જોગ લી. એક ગામ વાસ્તે વંમ પટેલ નાથાભાઈ જોરાભાઈ હસ્તા અખરણ દતવાન જત અંગ ઉધાર રૂ. ૬૦) અંકે સાઠ સીહાસી ગામ ચલણી

અમોએ ભેંસ લેવા સારૂં લીધા છે. ને તેના ચઢાવા સુદ્ધાંત રૂ. ૬૪) અંકે ચોસઠ થયા છે. આ રૂપીઆનું અમોએ કાંધુ કર્યું છે. ને તે આજની મીતી દરમાસે રૂ. ૬) ભરીએ અને છેલ્લું કાંધુ રૂ. ૪) ભરીએ આ કાંધાનો હીસાબ માસ અગીઆરે પૂરો કરી આપીએ તે સહી જો કાંધુ ખડે તો માસ એકે રૂપીઆ એકે દોકડા એક લેખે બ્યાજ આપીએ આ રૂપીઆ તમો માગો ત્યારે આપીએ અને જો ના આપીએતો હરેક મિલકતથી તમો પૂરા કરી લો આ ખત મેં મારી રાજી ખુશીથી લખી આપ્યું છે. તે મારે તથા મારા વાલી વારસોને કબૂલ મંજુર છે. દા. પા. ભીખાભાઈ ગિરધરભાઈ ધણી બનેના કહેવાથી લખ્યું છે.—

અત્ર	મતુ	અત્ર	સાખ
× ૧ નાથાભાઈ જોરાભાઈ મતુ દા.		૧ પા. વીઠ્ઠલભાઈ ધનજીભાઈ	સાખ
લખીતંગના નિશાન તેણે પો-તાને હાથે કર્યું છે.		૧. શા. બાપુજી નથુ સાખ.	

સાન ખત.

સંવત ૧૯૫૨ના કારતક વદી. ૧૨ ને વાર સુકર તા. ૨૩ નવેમ્બર સને ૧૮૯૪ના ઈંગ્રેજી દીને નડિઆદ તાલુકાના ગામ ડેરીઆવીના શા. રહેનાર પા. બાપૂજી કુબેરદાસ જ્ઞાતે લેઉવા પાટીદાર ઉમ્મર બરસ ૩૦ કસબ ખેતીનો જોગ લી. મજકુરના રહેવાસી પગી. ચુથા

દેનાર હાતે પગી ઉમર વરસ ૪૦ કસબ ખેતીનો જત આજ રોજ તમારી પાસેથી અંકે રૂપીઆ ૨૦૦) બાબાસી ગામ ચલણી લીધા છે. તેનું વ્યાજ માસ એકે રૂપીઆ એકે દોકડા એક લેખે ચઢે મજમઃ માસ એકના દોકડા બાબા સો ચઢે તે ભરીપૂરી આપીએ.

૧—આ ખતના રૂપીઆ તથા તેના વ્યાજની સાંનમાં અમારા માલકી પણાનું ખેતર નંગ. ૧ નામે બાટીઉં સરવે નંબર ૮૨ એકર. ૨ ગુંઠા. ૪ તેના ખુંટની વીગત પૂર્વ પાસાએ પા. બાપુજી નથુભાઇનું ખેતર છે. દક્ષિણ દિશાએ આખડોલ જવાનો રાજમારગ છે. પશ્ચિમ પાસાએ પગી બહેચર નથુનું ખેતર છે ઉત્તર પાસાએ પટેલ ફુલાભાઈ નાથાભાઈનું ખેતર છે તે ખુંટ ચાર વચલુંજ.

એ રીતે ખુંટ વચલું ખેતર અમોએ તમોને આ રૂપીઆ લીધા તેની સાનમાં લખી આપ્યું છે. આ ખેતર તમારૂં દેવું આપ્યા સિવાય અમારાથી કોઇને ત્યાં ગીરો કે વેચાણ અપાય નહિ આ ખતના રૂપીઆ સાનમાં લખેલી મીલકતથી તથા વાલી વારસોથી પુરા કરી આપીએ તે સહી આ ખતમાં જે અમો વસુલ આપીએ તે જૂદી પાવતી લઇને આપીએ આ ખત અમારી રાજી ખુશીથી તથા અક્કલ હુશીઆરીથી લખી આપ્યું છે. તે કબૂલ છે. લી. પટેલ ભાઇલાલ રામદાસ વાણી બનેની હજુર લખ્યું છે.

અત્ર મતુ અત્ર સાખ

૧ પગી સુખા દેતાર મતુ આલીદા. પોતે ૧ શા. ભાઇચંદ નરુચંદ સાખ

ગીરોખત

સંવત ૧૯૩૮ના વરખે માગસર વદી. ૫ ને વાર સુકર તા. ૨૫ માહે ડીસેમ્બર સને ૧૮૮૨ દિન આદે હંગ ગામ વાંઠવાળી વાસ્તે વંમ પા. વાઘજીભાઈ હરીભાઇ બીન નથુભાઈ જાતે લેઉવા પાટીદાર કસબ ખેતીનો પારસાત એક ગામ વાસ્તે વંમ પટેલ જીવાભાઈ જોઈતારામ બીન બાપુજી જાતે લેઉવા પાટીદાર કસબ ખેતીનો હસ્તા અખરાણ દત્તાનજત ગ્રહીત ઘરાંણે ભોમ ખેતર. ૨ દીસ્ટ્રીકટ ખેડા સબડીસ્ટ્રીકટ) મહેમદાવાદ તાબામાં જે વાંઠવાળી ગામની સીમનું સરવઇ નંબર ૨૦૫ એકર ૯ ગુંઠા ૭ નામે લોદાવાળીકું તેના ખુંટની વીગત—

પૂર્વ પાસાએ મોંકવે જવાનો રાજમારગ છે. દક્ષિણ દિશાએ બ્રાહ્મણ ગિરધરભાઈ નથુભાઇનું ખેતર છે. પશ્ચિમ પાસાએ પટેલ. મકનદાસ દાજીભાઇનું ખેતર છે. ઉત્તર પાસાએ બારોટ મગનલાલ સોમચંદનું ખેતર છે એ ખુંટ ચાર વચ્ચેની જમીન અદબડ વાડ વળાગણી સેડા પાળી ઝાડ બીડ સુધ્ધાંત ગીરો આપી છે તેના રૂપીઆ ૭૫૦ અંકે સાતસોને પચાસ સીંહાસી ગામ ચલણી લઇને ઘરાંણે આપી છે. એ રૂપીઆનું બ્યાજ નહીં ને ભોમની દાણ નહીં રૂપીઆ પૂરે પૂરા આપે ખેતર છૂટે એ જમીનનો સરકાર હક રૂ. ૪–૦–૦ તમો ભરો ને ઉપજ ખાઓ એ ખેતર ખેડો અગર પે

કરો અગર તમારૂં દીલ ચાહે તેમ તેનો ઉપયોગ કરો તેમાં અ-
મો કશી હરકત કરીએ નહીં એ ખેતરમાં જવા આવવાનો રસ્તો
ગિરધર નથુભાઇના ખેતરમાં થઇને છે એ ખેતર અમારા બાપીકું
અમારા કબજા ભોગવટાનું હતું તે આજરોજ કબજે સોંપ્યું છે.
આ ખેતરને કોઈ હરકત કરે તો તેનો તથા રૂપીઆનો જવાબ
અમારા વાલી વારસો કરીએ આ ખેતર જે રૂતુમાં મુકયું તે રૂતુમાં
છોડાવીએ આ ખત અમોએ અમારી રાજી ખુશીથી લખી આપ્યું
છે તે કબૂલ મંજુર છે શા. નથુચંદ પાનાચંદ ધણી બને હજુર લ-
ખ્યું છે.

અત્ર મતુ	અત્ર સાખ
૧ પટેલ. જીવાભાઇ જોઇતારામ	૧ શા. ગુલાબચંદ સાંકળ-
મતુ દા. પોતે	ચંદ સાખ.

વેચાણ ખત.

સંવત ૧૯૫૨ વરખે ફાગણ વદી ૯ ને વાર શની તા. ૧૩ માહે ડીસેબંર સને ૧૮૭૫ના અગ્રેજી દીને શા. નથુચંદ ગુલાબચંદ જાતે વાણીઆ કસબ વ્યાજવટાનો રહેવાસી માંજે કેરીઆવી તાલુકે નડિઆદના ગામના પારસાત જોગલી. પટેલ કચરાભાઈ પુંજાભાઈ જાતે લેઉવા પાટીદાર કસબ ખેતીનો રહેવાસી મજકુર ગામના જત અમોએ તમારી પાસેથી આજરોજ રૂ. ૧૨૦૦) અંકે બારસેં ગામ

ચલણી બાબાશી અમારી દીકરીના લગ્ન પ્રસંગમાં વાપરવા સારૂં લીધાછે. તેના અવેજમાં ખેતર નંગ. ૧ નામે બાટીયું મોજે કેરીઆવી તાલુકે નડીઆદ જીલ્લા ડુકડી તથા પેટા ડુકડી કેરીઆવી ગામની સીમમાંનું અમારા કબજા ભોગવટાનું રીવીઝન સરવઈ નંબર ૬૦૫ વાળુ એકર ૩ ગુઠા. ૬નુ અમારા પિતા પુંજાભાઇ તાપીદાસ ના નામ ઉપર સરકારી દફતરમાં ચાલેછે તેના ખુંટની વીગત.

ઉતરે પા. બાપુજી કિશે,રદાસનું ખેતરછે, પૂર્વે ગુવાલ જવાનો રાજ મારગ છે દક્ષિણ દિશાએ પા૦ નાગરભાઈ બાપુજીનું ખેતર છે. પશ્ચિમ દિશાએ પટેલ નાનાભાઈ જેસંગભાઇનું ખેતર છે એ ખુંટ ચાર વચલુ તેમાં કુવો નામે આંબા કુવો તેના પાણીના ભાગ સુધ્ધાંત તથા લીંમડાનાં ઝાડ નંગ ૩ બાવળનાં ૨ આંબાનાં ૪ એરીતનાં ઝાડ સુદ્ધાંત તથા વાડ વળગણી સેડા પાળી સુદ્ધાંત અમોએ તમોને સૂરજ ચંદ્ર તપે ત્યાં સુધી વેચાણ આપ્યુંછે આ-ખેતરને કુવો અમારા કબ્જા ભોગવટાનું હતું તે આજ રોજ તમારે કબજે અમોએ સોંપ્યુંછે. એઉપર હવે હમારો કે હમારા વાલી વારસોનો કશો હક પોહોચે નહિ એ ખેતર તમો ખેડો અગર તમારૂં મન ચાહે તેમ ઉપયોગ કરો તેમાં અમો તથા અમારા વાલી વારસોનો કશો હક પોહોચે નહીં આ ખેતરનો સરકાર હક હવેથી તમો ભરો આ મિલકત ઉપર કોઈ પ્રકારની કોઈ માણુસ હરકત કરે તો તેનો જવાબ અમો તથા અમારા વાલીવારસો દઈ એ

આખેતર તમારે નામે ચડાવી આપીએ આવેચાણ ખત અમોએ અમારી રાજી ખુશીથી લખી આપ્યુંછે. તે કબુલ મંજુરછે. લી. પટેલ. બાબરભાઇ નથુભાઇ ધણી બને હજુર લખ્યુંછે.

અત્ર	મતુ અત્ર	સાખ
૧. પટેલ. કચરાભાઈ પુંજાભાઇ		૧. શા. ભાઈલાલ જેઠાભાઈ
	દા. પોતે	

(વીલ) વસીયત નાંમુ કરવાની મુખ્ય બાબત.

૧ —પોતાને કંઇ ફરજન ના હોય ત્યારે

૨ —પોતાના મુવા પછી સ્ત્રીને પજવે એવું લાગતું હોયતો સ્ત્રીને કરી આપવું

૩ —પોતાને છોકરો ના હોય તો પોતાની છોડીને કરી આપવું

૪ —છોકરો હોય પણ ગાંડો હોય ત્યારે

૫ —છોકરા હોય પણ બાપના મુવા પછી બાપની મીલકતની વહેંચણ કરવાસારૂં વઢી ના મરે અને બાપની મરજી પ્રમાણે તેમને હિસા મળે ત્યારે.

(વીલ) વસીયત નામું

હું બાઇ ગંગા પટેલ નાથાભાઈ જોરાભાઈની વીધવા ભારજા ધર્મે હિંદુ જાતની લેઉઆ પાટીદાર ઉમર આસરે વરસ ૬૦ ની કસબ ખેતીનો રહેવાસી માંજે કેરીઆવી તાલુકે નડિઆદના ગામ-

ના જત મારી વૃધ્ધા અવસ્થા થઇ છે. અને હું શરીરે માંદી સાજી રહુંછું મારે છોકરો નથી ફક્ત મારે છોડી નામે ગંગાબા છે. અને આ દેહ ક્ષણ ભંગુર છે. તેથી મારા ગુજર્યા પછી મારી મિલકતનો બીગાડ ના થાય માટે નીચે લખ્યા મુજબ વ્યવસ્થા કરવા સારૂં આ વસીઅત નામું મારા સાવધ પણામાં કરંછું તેની વિગત

કેરીઆવી તાલુકે નડિઆદ જીલ્લે ખેડાના ગામમાં ઘર તથા સીમમાં ખેતરો ને ઝાડ છે તેની નીચે પ્રમાણે વીગત.

૧૫૦૦—ઘર એક મજકુરમાં સુતાર વાડામાં જેમાં હાલ હું રહુંછું તેની વીગત આ ઘરનું બારણું ઉત્તર દિશાનું ને તેની પછીત માંડવીમાં પડે છે. અને પૂર્વ દિશા ભણીનો કરો પા. અમથાભાઈ દાજીભાઇના ઘરસાથે સૈયારો છે. અને પશ્ચિમ દિશાનો કરો સુતાર દાજી રૂઘનાથના ઘરસાથે સૈયારો છે. તેનો આગળનો ચોક અસલહદ મુજબ લંબો ગજ ૪ ને પોહોળો ગજ ૩ જમીનના દળ સુધ્ધાંત આકાશથી તે પાતાળ સુધીનું એ રીતે ખુટ ચાર વચલુ

ભાડા ચીઠી.

સંવત ૧૯૫૨ના ચૈતર વદી ૯ ને વાર બુધ પટેલ નાથાભાઈ જોરાભાઈ રહેવાસી નડીઆદના જોગ લી' મજકુરના પટેલ જેઠાભાઈ લાલાજી જત તમારૂ ઘર ૧ મજકુરના પટેલવગાની મધે પટેલ પોળમાં મ્યુનિસીપાલ રજીષ્ટર નંબર ૩૨૪ વાળુ પટેલ બાપુજી રગાભાઇ તથા પટેલશંકરભાઈ ગલાભાઇ એ બેના ઘર વચેનું પૂર્વાભિ મુખના

બારણાનું છે. તે અમોએ તમારી પાસેથી વરસ એકની બાણી કરી રૂ. ૨૦) બાબાસી ગામ ચલણી માટે ભાડે રાખ્યું છે. તે ભાડું અમો વરસ પુરૂ થએ પૂરે પુરૂ આપીએ મુદત પુરી થએ બીન તકરારે અમો તમોને સોંપીએ અગર ચોમાસા સિવાય તમો ખાલી કરાવોતો તમારૂ ચઢેલું ભાડું આપીને બીન તકરારે ખાલી કરીએ અને ઘર તમારે કબજે સોંપીએ આ ઘરનું ચળામણી ખરચ હમારૂ છે ને નળીઆંની ખોટ તમારે પૂરી કરવાની છે ઉપર લખ્યું તે સહી સંવત. ૧૯૫૨ના ચૈતર વદી ૯

અત્ર	મતુ અત્ર	સાખ
૧ પટેલ. જેઠાભાઈ લાલાજી મતુ		૧ પટેલ. બાવાજી રગાભાઈ

ગણુવત.

સંવત ૧૯૫૨ના વૈસાખ સુદી ૯ ને વાર ગુરૂ પટેલ ડુંગરભાઈ નાથાભાઈ રહેવાસી આણુંદના જોગ લી. મજકુર ગામના પટેલ કાળીદાસ ભીખાભાઈ જત અમોએ તમારી પાસેથી ખેતર નામે સાંઢાલીઉં સરવઈ નંબર ૧૮૫ એકર. ૩ ગુંઠા ૧૨ નુ સંવત ૧૯૫૨ની ફસલ ઉપર ખેડવા સારૂં રાખ્યું. છે તેની સાંથના રૂપીઆ ૫૦) અંકે પચાસ સીહાસી ગામ ચલણી કર્યા છે. તે સરકારના હપતા પ્રમાણે અડધો અડધ આપીએ, આ ખેતર સંવત ૧૯૫૩ના ફાગણ સુદી બીજને રોજ ખેડ ખાતરનો હક ના રાખતાં અમો તમારે કબજે સુંપીએ આ ખેતરનો સરકાર હક તે તમો ભરો આ ખેતરની જાળવણી

બરોબર રાખીએ અને જેવું આબાદી હતું તેવુંજ તમોને સોંપીએ આ ગણોત અમોએ અમારી રાજી ખુશીથી તથા અકલ હુંશીઆરીથી લખી આપ્યું છે. તે કબુલ મંજુર છે લી. પટેલ. બાબરભાઇ જીજીભાઈ ખણી બને હજુર લખ્યું છે.

અત્ર મતુ અત્ર સાખ

૧ પા. કાળીદાસ ભીખાભાઇ મતુ ૧ પા. ઉમેદભાઈ ગિરધરભાઇ

દા. પોતે સાખ

ફારગતી.

હર કોઇ સૈયારી મિલકત હોય અને તે મિલકતમાંથી પોતાનો હક કાઢી નાખીને જે લખી આપે તેને ફારગતી કહે છે.

સંવત ૧૯૫૧ના ફાગણ સુદી ૧૫ને વાર સનેઉ તારીખ ૨૫ મી ડીસેંબર સને ૧૮૯૪ના ઈંગ્રેજી દીને મોંજે ઉતરસંડા તાલુકે નડીઆદના પટેલ નાગરભાઇ અમથાભાઈ ગ્નાતે લેઉઆ પાટીદાર ધંધો ખેતીનો ઉમરે આશરે વરસ ૨૫ જોગ લી. મજકુરના રહેવાસી પટેલ ધુળાભાઈ અમથાભાઇ ગ્નાતે પાટીદાર કસબ ખેતીનો ઉમર આશરે વરસ ૩૦ જત મજકુર ગામના સરવઈ નંબર ૧૨૭ એકર ૩ ને ગુંઠા ૧૨ નામે લોદાવાળીઉં ખેતર આપણા બાપીકું છે તેના ખુટની વીગત.

પૂર્વ પાસાએ પટેલ નાથાભાઈ જેરાભાઇનું ખેતર છે પશ્ચિમ પાસાએ પટેલ મનોરભાઈ ગલાભાઇનું ખેતર છે ઉત્તર પાસાએ તલાવડી છે

ને દક્ષિણ પાસાએ પગી જોરા બનાનુ ખેતર છે આ ખેતરનો રસ્તો પટેલ નાથાભાઈ જોરાભાઇના ખેતરમાં થઈને છે.

એ ખેતર આસરે રૂ. ૧૨૦૦) અંકે બારસેંની કીંમતનું જે હાલ તમારા કબજા ભોગવટામાં છે તેમાં મારો અડધો હીસ્સો છે તે ઉપરથી હું મારો હક તમોને ઉઠાવીને આગવું સોંપું છું કેમકે તમોએ આપણા પિતાનું ક્રીઆ ખરચ કરેલુ છે તે ક્રીઆ ખરચનો હિસ્સો હું આપી શકું એવી શક્તિ નં હોવાથી સદરહુ ખેતર ઉપરથી મારો હક ઉઠાવી તમોને આગવું સોંપ્યું છે. હવે એ ખેતરમાં મારો તથા મારા વાલી વારસોનો કોઇનો કોઈ પ્રકારનો હક દાવો નથી ને જો હકદાવો કરીએ તો તે રદ છે. આ ફારગતી અમોએ અમારી રાજી ખુશીથી લખી આપી છે તે ખરી છે એજ સ૨ત ૧૯૫૧ના ફાગણ સુદી. ૧૫

અત્ર મતુ અત્ર સાખ

૧ ધુળાભાઈ અમથાભાઈ મતુ

દા. પોતે

કરાર

સંવત ૧૯૫૨ના માગસર સુદી ૧૦ તા. ૧૨મી જાનેવારી સને ૧૮૯૫ દીને પટલ. બાપુજી કુબેરદાસ રહેવાસી નડીઆદના જોગ લી. પગી બના દેતાર રહેવાસી મોજે નરસંડા તાલુકે નડીઆદ જીલ્લે ખેડાના ગામના જત તમારો વાછરડો એક અમોએ તમારી પાસેથી

ભાગે બાંધ્યો છે. તે જાતે મુજઠીઓ છે. તેનો કરાર એવો ર્કયો છે કે આ વાછરડાને ઘાસ દાણો ખવરાવી પીવરાવી અમો સાચવીએ ને તમારી ધ્યાનમાં આવે ત્યારે, તે વાછરડાને ખંડીવાળીએ ને જે વાજબી કીંમત થાય તેમાં મુડીના રૂ. ૪૫) અંકે પીસતાળીસ સીંહાસી ગામ ચલણી જતાં બાકી રૂપીઆ અમો ને તમો સરખે ભાગે વહેચી લઈએ અને આ વાછરડો ચોરીએ જાય અગર નાશી જાય અગર કોઈ પણ પ્રકારે ગુમ થાય, તો વાછરડાની કીંમતનો આંકડો પંચ કહે તે પ્રમાણે અમો તમોને આપીએ ને કજા રજાએ તેના જીવનું જોખમ થાય તો અમો તમોને બતાવીએ આ કરાર અમોએ અમારી રાજી ખુશીથી લખી આપ્યો છે. તે કબુલ છે લી. પટલ. નાથાભાઈ જોરાભાઈ ધણી બને હજૂર લખ્યું છે

અત્ર	મતુ અત્ર	સાખ
૧ પગી. બના દેતાર મતું દા. લી. નાથાભાઈ જોરાભાઈ ધણીના કહેવાથી મતુ કર્યું છે.	૧ લી. પા. નાથાભાઈ જોરાભાઈ	

દત્તકપત્ર અથવા વારસનામું

૧ જેને છોકરા ન હોય ત્યારે તેને વંસ ચાલું રાખવા સારૂં કોઈને છોકરો કરી રાખવો તેના દસ્તાવેજને દત્તકપત્ર અથવા વારસ નામું કહે છે.

૨ વીલ કરવું હોયતો વારસનામું જુદુ કરવાની કંઈ જરૂર નથી

સવત ૧૯૫૨ના પોસ સુદ ૪ ને તા. ૨૦મી ડીસેમ્બર સને ૧૮૯૫ના ઈંગ્રેજી દિને નડીઆદ તાલુકાનામાં જે પીપળાતાના રહેવાસી પટલ. ભુલાભાઇ ગોવીંદભાઈ બીન નથુભાઇ જાતે લેઉઆ પાટીદાર ધંધો ખેતીનો ઉમર વરસ ૫૦ ની જોગ લી. મજકુર ગામના રહેવાસી પટલ. ગલાભાઈ દાજીભાઇ જાતે પાટીદાર કસબ ખેતીનો ઉમર આસરે ૫૦ની જત મારે કંઈ સંતાન નથી અને તમો મારા કાકાના દીકરાના દીકરા થાઓછો. તેથી અમોએ અમારી રાજી ખુશીથી તમારા બાપની પરવાનગી લઇને તમને આજરોજ હિંદુ ધર્મશાસ્ત્ર પ્રમાણે ક્રિયા કરીને દત્તક લીધા છે.

ભલામણ.

સ્વસ્તીશ્રી મુંબાઇ મહાસુભસ્થાને પુજ્યારધે અનેક સરવે ઉપમા લાયક શા. નાનચંદ રતનચંદ જોગ શ્રી અમદાવાદથી લી. શા. ધરમચંદ કરમચંદના રામ રામ વાંચજો જત અત્રે અમારી તરફના પટલ. જોરાભાઈ ડુંગરભાઈ મુંબાઈ આવ્યા છે તેમને રૂ. ૧૦૦ અંકે સો અમારે ખાતે ઉધારીને તેમને આપજો અને તેની પહોચ લખાવી લઇને અમારા ઉપર બીડજો અને તેની બાંધણી આજથી દિવસ પંદરની કરી છે. તે ઉપરાંત આવેતો અમારો જવાબ મંગાવીને આપજો સંવત ૧૯૫૨ના ફાગણ સુદ ૪ તા. ૧૭–૨–૯૬

દ. શા. ધરમચંદ કરમચંદ સહી

ભાગ ૫ મો.

રીપોર્ટ તથા અરજીઓ વિશે સમજણ.

૧ એક સરકારી નોકર બીજા સરકારી નોકરને જેકંઈ લખાણ કરે તેને રીપોર્ટ કહે છે.

૨ રૈયત લોકો સરકારી નોકરને જે કાંઈ દાદ લખાણથી રજુ કરે તેને રીપોર્ટ કહે છે.

૩ જે અધિકારીને અરજી કરવી હોય તેનું નામ સરકાર મહેરબાન કરીને લખવું નહિતો એકલો હોદ્દો લખવો પછી તેનો વિભાગ લખવો.

૪ અરજદાર કયા ગામનો તાલુકાનો અને જીલ્લાનો રહેવાસી છે. તે લખવું.

૫ જે જે કારણો પોતાના લાભનાં હોય તે કારણો કલમવાર લખવાં,

અરજીનો જવાબ મળવા સારૂં તેનું ચોકસ ઠેકાણું લખવું.

માર પડયાની માજિસ્ટ્રેટ સાહેબ તરફ અરજી

મહેરબાન નડિઆદ સિટિના ફર્સ્ટકલાસ માજીસ્ટ્રેટ સાહેબ.

સાહેબની જીનાબમાં નડિઆદ પીજ ભાગોળના રહેનાર પટેલ. બાબરભાઈ જેસભાઈની અરજ એ છે જે ગઈ તા. ૪થી માર્ચ સને

૧૮૯૫ને રોજ બપોરના આસરે બે વાગ્યાને સુમારે હું મારા ખેતરમાં ગયો હતો, તે વખતે મારા ખેતરમાં નીચેના તોહોમતદારોએ ભેંસો ઘાલી હતી, તે ભેંસો મારા ખેતરમાંથી કાઢી લેવાનુ મેં તોહોમતદારોને કહ્યું ત્યારે નીચે લખેલા તોહોમતદારોએ એકદમ હુમલો કરી મને ગાળો બોલી લાત મુકીઓથી ઘણો માર માર્યો એ મારનાં નિશાન મારા માથામાં તથા શરીરના કેટલાક ભાગ ઉપર છે એ મારથી મને ઘણું દુઃખ થયું. મને માર માર્યો તે બાબત મેં જાહેર કરેલુ તેએ સાહેબે આપ સાહેબને ત્યાં ફરીઆદ કરવાની સમજુત આપી માટે આ ફરીઆદ તોહોમતદારો ઉપર મને માર માર્યો તેની કરૂં છું ને ઉમેદવાર છુ કે તોહોમતદારોને હજુરમાં પકડી મગાવી સાહેદોથી તપાસ કરી કાયદેસર વાજબી દાદ આપોકે સાહેબના હકમાં ઘણી દુવા માગીસ એજ અરજ.

તોહોમતદારનાં નામ.	રહેવાનુ ઠેકાણુ.
૧ પટેલ. નરોતમ નાથજી	નડીઆદ પીજ ભાગોળનો
૨ પટેલ બાપુજી કુબેરદાસ	॥

શાહેદોનાં નામ.

૧ પટેલ જોરાભાઈ ડુંગરભાઇ	રહેવાસી કાજીને ચકલે
૨ પટેલ. નથુભાઈ ગરબડ	રહેવાસી પીજ ભાગોળે

તા. ૪ માર્ચ સને ૧૮૯૫

પટેલ. બાબરભાઈ જોરાભાઇ સહી દા પોતે

રજા માગવાનો પોતાના ઉપરીપર રિપોર્ટ.

મહેરબાન રાવસાહેબ મામલતદાર સાહેબ તાલુકે નડીઆદ સાહેબની જીનાબમાં મોજે કેરીઆવીના તલાટી વીઠ્ઠલભાઇ ધનજીભાઈની સલામ સાથે અરજ એ છે જે સાહેબજી વાદી શંકરભાઇ મંગળભાઈ વિરૂદ્ધ પ્રતિવાદી બાપુજી કુબેરદાસના કામમાં અમદાવાદના મહેરબાન રાવસાહેબ સેકન્ડ કલાસ સબ જડજ સાહેબની કોર્ટમાં તા. ૨૦—૩—૯૪ને રોજ સાક્ષી પૂરવા જવાને સમન્સ પહોંચ્યો છે. માટે નજીકના ગામ આખડોલના તલાટી બાપુજી જમનાંદાસને દફતર સોંપી કામનો બંદોબસ્ત કરી હું ગયો છું. તે સાહેબ મહેરબાનને જાહેર થાય

તા. ૨૦—૩—૯૪ વીઠ્ઠલભાઈ ધનજીભાઈ સહી દા. પોતે

તલાટી કસ્બે નડીઆદ

[સ્ટામ્પ ૨૬ પડવાથી તેના પૈસા પાછા મેળવવા વિષે કરેલી અરજી)

મહેરબાન મહેમદાવાદ તાલુકાના રાવસાહેબ મામલતદાર સાહેબની હજુરમાં.

સાહેબની જીનાબમાં કસ્બે મહેમદાવાદ છાપરી શેરીના રહેનાર શા. મોતીચંદ કસ્તુરચંદની સલામ સાથે અરજ કે સાહેબજી તેજ ગામના રહેનાર પટેલ. હાથિભાઈ ડુંગરભાઈ પાસે મારૂં લહેણું હતું તેની ફરીઆદ અરજી તઇયાર કરવા સારૂં મહેમદાવાદના વેન્ડર

હરગોવીંદ ભીખાભાઈ પાસે કોર્ટ ફી સ્ટામ્પ રૂ. ૧૫)નો ખરીદ કરી તે પર ફરીઆદ અરજી તઈયાર કરાવી, બાદ એજ હાથિભાઈ ડુંગરભાઈ પાસેના લેણા વિશે બે ભલા માણસોએ વચ્ચે પડી રૂ. ૧૭૫) રોકડા કલદાર રૂપીઆ અપાવી ફેંસલો કીધો, કે જે અમો બન્ને જણે કબુલ રાખ્યો, તેથી તઇયાર કરાવેલી ફરીયાદ રદ પડી માટે સદરહુ સ્ટાંપ રજુ કર્યો છે. તેમાંથી ધારા પ્રમાણે કપાત થઈ બાકીના રૂપીઆ મળવા મહેરબાન કલેકટર સાહેબને ભલામણ કરવા વિષે અમારી અરજ છે. તારીખ. ૧લી ડિસેમ્બર સને ૧૮૯૪

શા. મોતીચંદ કસ્તુરચંદ સહી દા. પોતે

ભરણ પોષણ માટે એક બાઈની નાદારીમા દીવાની કોર્ટમાં અરજી.

નડિઆદ સેકન્ડ ક્લાસ સબજડજ સાહેબની કોર્ટમાં

દીવાની ફરિઆદ નંબર. સને ૧૮૯૫

બાઈ સુરજ તે બાપુ નથુની છોડી જાત વાણિયાની ઉમર આસરે વરસ ૩૫ ધંધો ઘર કામનો રહેવાસી ઉતરસંડા તાલુકે નડીઆદની } વાદી

વિરૂદ્ધ.

ગરબડ બાઈજી જાતના વાણિયા ઉમર આસરે વરસ ૪૦ ધંધો વેપારનો રહેવાસી ઉતરસંડા તાલુકે નડીઆદના } પ્રતિવાદી

દાવો રૂ. ૯૯૦

હું વાદી બાઇ સુરજ મજકુર નાદાર છું; ને આ દાવાની અ-

રજીનું કમીશન ભરવાની મારામાં તાકાદ નથી ને આ અરજી સાથે રજુ કરેલી યાદિમાં લખેલા માલ સિવાય મારી પાસે બીજી કંઇ મિલકત નથી, તેથી આ મારી અરજી નાદારીમાં દાખલ કરવાની કોર્ટે પરવાનગી આપવી જોઇએ.

હું વાદી મજકુર લખી જણાવું છું કે.

૧ ઉપલો પ્રતિવાદી મારો ધણી થાય છે તેની સાથે આસરે વરસ ૨૦ મેં નાતરૂં કરેલું ત્યાર બાદ પ્રતિવાદીને ત્યાં હું રહેતી હતી અને મને બે ફરજંદ થએલાં હતાં

૨ પ્રતિવાદીએ મને પલ્લાનું જે ઘરેણું ચડાવેલું હતું તે પહેરીને પ્રતિવાદીને ત્યાં ગએલી ને રહેતી હતી; તે તમામ ઘરેણું પ્રતિવાદીએ લઇ મુકી સંવત ૧૯૫૦ના કારતક માસ યા સને ૧૮૯૪ ના નવેમ્બર માસમાં મને કાઢી મુકી તેથી ત્યારથી હું મારા બાપના ઘરમાં રહીછું. પ્રતિવાદીએ કાઢી મુક્યા પછી ઘણીવાર કહ્યા છતાં તથા કહેવડાવ્યા છતાં તેણે મને કાઢી મૂકી તેથી ત્યારથી હું મારા બાપના ઘરમાં રહીછું

૩ પ્રતિવાદીએ કાઢી મુકયા પછી ઘણી વાર કહયા છતાં તથા કહેવડાવ્યા છતાં તેણે મને પોતાને ત્યાં રાખી નહીં ને રાખતો નથી તેમ ખોરાકી પોશાકી પણ પૂરી કરતો નથી

૪ પ્રતિવાદીએ હિંદુસ્તાન તથા દેશ રિવાજ તથા અમારી નાતના ધારા પ્રમાણે મને પોતાની સાથે રાખી મારો ખોરાક પોશાક પૂરો

કરવો જોઈએ તે મુજબ તે કરતો નથી તેથી ખોરાક પોશાકની હું ઘણી હરકત પામીશું ને પામુંછું

૫—પ્રતિવાદીને તારીખ ૧૬મી અકટોબર સને ૧૮૯૪ના રોજની એક નોટીસ ટપાલ મારફત આપી તે તેણે નહિં લેવાથી તેનું પાકીટ પાછું આવ્યુંછે

૬ માટે પ્રતિવાદી પાસે મારી ચડેલી ખોરાકી પોશાકીના તારીખ. ૧૦ મી માર્ચ સને ૧૮૯૨ થી તે તારીખ. ૩૧ ફેબ્રુવારી સન ૧૮૯૩ સુધી વર્ષ ૧ ના દરમાસે રૂ. ૭) સાત લેખે રૂ. ૯૦ લેવા દાવો કરૂંછું તારીખ ૧ લી જાનેવારી સને ૧૮૯૩થી દર વર્ષે રૂ. ૯૦) લેખે મારી હયાતિ સુધી પ્રતિવાદી પાસેથી લેવાસારૂં એ રૂ. ૯૦) ના દશ પાટ હિસાબે રૂ. ૯૦૦) નો દાવો કરૂંછું જુમલે રૂ. ૯૯૦) નો દાવો કરૂંછું.

૭ મારા દાવાનું કારણ ચડેલી ખોરાકી પોશાકીનું તા. ૧૦ મી માર્ચ સને ૧૮૯૨ ને રોજ તથા ત્યાર પછીની ખોરાકી પોશાકી લેવાને તારીખ. ૧ જાનેવારી સને ૧૮૯૩થી હર દરવર્ષે ઉમન્ન થયું માટે હું વાદી નીચે મુજબ દાદ માગુંછું કે

૧—મારી ચડેલી ખોરાકી પોશાકીના ઉપર બતાવ્યા મુજબ વર્ષ એકના રૂ. ૯૦) પ્રતિવાદી પાસે અપાવો.

૨—તારીખ. ૧ જાનેવારી સને ૧૮૯૩ થી દરવર્ષે એકે રૂ. ૯૦) લેખે મળી ખોરાકી પોશાકીના પ્રતિવાદી મારી હૈયતી સુધી

દરવર્ષે ચક્ષા ચડી મને આપ્યા કરે એવું હુકમનામું કરી આપો

૩ આ દાવાનું ખર્ચ અપાવો

તારીખ ૭ મી માર્ચ સને ૧૮૯૨

બાઈ. સૂરજ બાપુ નથુની છોકરી સહીં દા. પોતે

હું વાદી બાઇ સૂરજ—બાપુ નથુની છોકરી એકવાર અરજ કરૂં છું કે આ અરજીમાં લખેલો મજકુર મારા જાણ્યા પ્રમાણે સાચો છે તો સદર

બાઈ સૂરજ બાપુ નથુની છોકરી સહી. દા. પોતે.

નાદારી અરજી જોડે પોતાની મિલ્કતની યાદિ આપેલી તે

નડિઆદ સેંકન્ડ ક્લાસ સબજડજ સાહેબની કોર્ટમાં

દિવાની ફરિઆદી નંબર સને ૧૮૯૨

વાદી—નાદાર બાઈ સૂરજ બાપુ નથુની છોકરી

પ્રતિવાદી—ગરબડ બાઇજી

દાવો રૂ. ૯૯૦)

હું સદરહું વાદી બાઇ સૂરજ નાદારછું મારી પાસે જે માલ મ-ત્તા છે તેની યાદી નીચે મુજબ

રૂ. ૧–૨–૦ પહેરવાના સાલ્લા નંગ. ૨. ૦–૫–૦ કાંચળી નંગ. ૧

રૂ. ૦–૫–૦ ડગલી સુતરાઉ ૦–૮–૦ ધાઘરા નંગ બે

એણી વીગતે માલમતા છે એ ઉપરાંત બીજી કાંઈ માલ મતા નથી

તા. ૭ મી માર્ચ સને ૧૮૯૨

બાઇ સૂરજ બાપુ નથુની છોકરી સહી દા. પોતે.

(વીલ) વસીયત નામું.

હુ બાઈ ગંગા પટેલ નાથાભાઈ જોરાભાઇની વીધવા બારજા ધર્મે હિંદુ જાતની લેઉઆ પાટીદાર ઉમર આશરે વરસ ૬૧ ની કસબ ખેતીનો રહેવાસી માંજે કેરીઆવી તાલુકે નડિઆદના ગામના જત મારી વૃધા અવસ્થા થઈ છે અને હું શરીરે માંદી સાજી રહુંછું મારે છોકરો નથી ફક્ત મારે છોડી નામે ગંગાબા છે. અને આ દેહ ક્ષણ ભંગુર છે. તેથી મારા ગુજર્યા પછી મારી મિલકતનો બીગાડ ના થાય માટે નીચે લખ્યા મુજબ વ્યવસ્થા કરવા સારૂ આ વસીઅત નામું મારા સાવધ પણામાં કરૂંછું તેની વિગત.

કેરીઆવી તાલુકે નડિઆદ જીલ્લે ખેડાના ગામમાં ધર તથા સીમમાં ખેતરો ને ઝાડ છે તેની વીગત. નીચે પ્રમાણે

૧૫૦૦—ઘર એક મજકુરમાં સુતાર વાડામાં જેમાં હાલ હું રહુંછું તેની વીગત આ ઘરનું બારણું ઉત્તર દિશાનું ને તેની પછીત માંડવીમાં પડે છે. અને પૂર્વ દિશા ભણીનો કરો પા. અમથાભાઇ હાજીભાઇના ઘર સાથેસૈયારો છે. અને પશ્ચિમ દિશાનો કરો સુતાર હાજી રૂઘનાથના ઘરસાથે સૈયારો છે. તેનો આગળનો ચોક અસલહદ મુજબ લાંબો ગજ ૪ ને પોહોળો ગજ ૩ જમીનના દળ સુધ્ધાંત આકાશથી તે પાતાળ સુધીનું એ રીતે ખુટ ચાર વચલુ

૨૦૦૦ ખેતર નંગ. ૧ મજકુરની સીમનું નામે ભાટીઉં સરવઈ નંબર ૧૨૮૦ એકર. ૭ ગુંઠા ૩૫ તેની કીમત આસરે રૂપીઆ બેહજાર તેના ખુટની વીગત પૂર્વમાં આખડોલ જવાનો રાજમારગ છે. પશ્ચિમમાં બારોટ હરગોવિંદ બાપુજીનું ખેતર છે. ઉત્તરમાં પટેલ બાબરભાઇ જોરાભાઈનું ખેતર છે. દક્ષિણમાં તલાવડી નામે ખેતી છે ને તે ખેતરનો રસ્તો પટેલ બાબરભાઇ જોરાભાઇના ખેતરમાં થઇને છે. તેમાં આમલીનાં ઝાડ નંગ ૫ તથા આંબાના નંગ ૩ આમલીનાં નંગ ૨ એ રીતેનાં ઝાડાં કુલ્લ દશ છે.

૭૧૧—મજકુર ગામમાં મારૂં લેણું રૂા. સાતસોંને અગીઆર તેની નોંધ ખાતાની ચોપડીમાં છે

૫૦૦ —સોના રૂપાનું ઘરેણું આસરે રૂા. ૫૦૦) પાંચશેં નું

૨૦૦ —ઘરમાં વાસણ કુશણ રાચરચીલું વગેરે પરચુરણ સામાન આસરે રૂ. ૨૦૦)નો

૧૬૦૦ —ખેતર નંગ. ૧. મજકુરની સીમનું નામે ખુટીઆં સરવઇ નંબર ૮૨ એકર ૪ ને ગુંઠા ૩૫ તેની કીમત આસરે રૂપિયા સોળસેં તેના ખુટની વીગત પૂર્વ પાસાએ બાવા ઇશ્વરભાઈજીનું ખેતર છે. પશ્ચિમમાં પટેલ જોરાભાઇ ડુંગરભાઈનું ખેતર છે. ઉત્તર દિશાએ પટેલ ચુંથાભાઇ બકોરભાઈનું ખેતર છે. દક્ષિણ દિશાએ શા. પરસોતમ સોમચંદનુ ખેતર છે. તે ખેતરમાં કુવો નંગ. ૧ છે. તે કુવામાં અમારો છઠ્ઠો હિસ્સો છે. તે સુધ્ધાંત તેમાં લીમડાંનાં ઝાડ બે

રાયણનાં બે એ રીતે કુલ્લ ઝાડાં ચાર છે. તે સુધ્ધાંત

૬૫૧૧ એ પ્રમાણે મારી કુલ્લ મિલ્કત સુમારે છ હજાર પોંચસોને અગીઆર રૂપીઆની છે. આ મિલ્કતની હું જીવું ત્યાં સુધી માલીક છું ને મારા ગુજર્યા પછી મારી દીકરી બાઇ ગંગાને વારસ ઠરાવું છુ. કુલ અધીકારથી એ સઘળી મિલ્કત પોતાના કબજામાં લે અને ત્યાર પછી તેની નજરમાં આવે તેવું ક્રીઆ ખરચ કરે અને આ મીલકત ઉપર મારી દીકરી સિવાય બીજા કોઇનો કોઇ પ્રકારનો હક દાવો નથી ને કોઇ હક દાવો કરેતો આ લેખથી તે ચાલે નહિં આમારૂં છેલ્લું વીલ છે તે પહેલાં મેં કોઈ વાર વીલ કર્યું નથી તેમ છતાં જો કરેલું નીકળે તો તે આ દસ્તાવેજથી રદ કરૂંછુ. આ દસ્તાવેજ મેં મારી રાજી ખુશીથી તથા બીન કેફથી અક્કલ હોશિઆરીમાં કર્યોછે તે મારે કબૂલછે સંવત ૧૯૫૨ના માગસર સુદી. ૧૫ ને વાર સનિ દા. પટેલ. ભાઈલાલ રામદાસ ધણી બંને હજુર લખ્યુંછે

અત્ર મતુ	અત્ર સાખ.
H બાઇગંગા પટેલ નાથાભાઈ જોરાભાઈની વિધવા એ સહીંનુ નિશાન પોતાને હાથે કર્યું છે દા. લી. વાળા ભાઇલાલ રામદાસ.	૧. પા૦ બાબરભાઇ નથુભાઈ-સાખ. દા. પોતે ૧. પા. જોરાભાઇ ડુંગરભાઈ સાખ દા. પોતે ૧. પા. મથુરભાઇ બાબરભાઇ સાખ દા. પોતે.

પાડોશીએ જમીન દબાવવાથી માપણી કરાવા કરેલી અરજી.

મહેરબાન ખાંનસાહેબ મામલતદાર સાહેબ
તાલુકે. નડિઆદ

સાહેબની જીનાબમાં ગામ અરારાના રહેનાર પટેલ ડુંગરભાઇ હાથીભાઈની અરજ એકેજે નડિઆદ તાલુકાનું ગામ મોજે મંજી-પરામાં મારી એક ખાતાની જમીન છે. તે જમીન મારા છોકરા ભુન-લાભાઈ ડુંગરને ખાતે ચાલે છે અમારી જમીન પૈકી સર્વે નંબર ૨૬૪ ની લગોલગ પટેલ બાપુજી કુબેરદાસની જમીન છે એ શખ્સે મારી જમીનમાંથી વીઘુ ૧ આસરે પોતાની જમીનમાં ભેળી દીધી છે. માટે આ અરજી આપી અરજ ગુજારૂં છું, કે મારી જમીનની હદ બરાબર મને કરાવી આપો કે પાછળથી હું ત્યાં વાડ કરાવી મજબુત કબજે કરી લઉં માપણીનો ખરચ થશે તે ભરવા કબૂલ કરૂંછું આ બાબત તાકીદે માપણી કરનાર કારકુનને તાકીદે મોક-લશો એજ અરજ તા. ૩૧મી એપ્રીલ સને ૧૮૯૫

અરજદાર. પટેલ ડુંગરભાઇ હાથીભાઇ સહી દા. પોતે.

ઈજારા પટો.

સ્વસ્થાન શ્રી વાંકાનેરના મહારાણા વખતસિંહજી વિ. મેહેતા અનંતજી રણછોડજી રહેવાશી નગરના જત તમને અમારા તાલુકાના નવાગામનો ઈજારો દરસાલ કોરી રૂ. ૧૩૦૦૦ અંકે તેર હજાર પ્ર-

માણે સંવત ૧૮૮૧ ના અશાડ સુદ ૩ થી વર્ષ ૧૧ના હોદ્દે આપ્યો છે. તેમાં વેરા, વર્જે, માંડવી કન્યાચોરી, ભામ, મસવાડી, ચીલા વગેરે અઢારે હબબ પડયું પાન તમારા ઇજારાના તાહોદમાં છે, ને તે ગામની હદ ઉત્તર તરફ માટેલ ગામના સીમાડા સુધી, પશ્ચિમ તરફ ખોડીઆર માતાના મડ સુધી, દક્ષિણે મચ્છુ નદી સુધી, ને પૂર્વે લુણસરના ઝાડી માર્ગ સુધી, એ પ્રમાણે ઉપર લખી હદ હદુદ મુજબ આપ્યું છે. ને આ ગામને શેઢા, સીમાડે, કાંઈ ખરાબાત થાય તો ગામના શિર છે તથા ગામને કોઇ હરામખોરથી નુકશાન થાય તો ગામને શિર છે. ને કોઈ વર્ષમાં અસમાની સુલતાની થાય તો તે વર્ષની ઉપજ અમે સંભાળી લેશું. તે ગામના લોક અમારી વેઠ, બેગાર, સાદીમત કરતા હશે એ પ્રમાણે કરશે. તેથી વધારે હરકત થાશે નહિ. ને તમે લોકને તગાવી આપી નવા સાંતી લાવો ને તમારો ઇજારો છુટે ત્યારે એ ગામમાં તમારૂં લેણું હોય, તે અમારે વ્યાજબી અપાવી દેવું, એ નવા ગામના સેઢા, સીમાડે કોઈ નવી જમીન આવે તે તમારા ઇજારાના તાહોદમાં છે. ઇજારાની રકમની કોરી તમારી પાસેથી બેહપ્તે માહા સુદ ૨ તથા વૈશાક સુદ ૨ બીજે લેવામાં આવશે તમે કોઈ નવાં નવાણ ગળાવશો ને તેની ખરાબત થાય, તે અમને જાહેર કરશો તો અમારૂં માણસ મોકલી તપાસ કરી વાજબી ખરા જાત મજરે આપીશું એ પ્રમાણે તમને સદરહુ ગામનો ઇજારો આપ્યો છે. તે અગીઆર જમીયત રાખી વસ્તીની આબાદી

કરી વહીવટ કરજો.

સંવત ૧૮૮૧ના અશાડ શુદ ૩ ગુરૂ વાર દા. પટેલ નાથાભાઈ જેરાભાઈ મુખ્ય કારભારી.

દીવાની દાવાની અરજી.

નામ	જાત	ઉમરવર્ષ	ધંધો	રહેવાસી
વાદી મેહેતા ત્રીભોવન શીવશંકર	વાણિયા.	૨૯	વેપાર	વાંકાનેર.
પ્રતિવાદી શા. ભાઈજી રતનશી	વાણિયા	૨૪	નોકરી	વાંકાનેર.

દાવો. રૂા. ૧૨ આ. ૧૨ પાઈ ૬

હું **વાદી** અરજ ગુજારૂં છું કે—સંવત ૧૯૪૨ના શ્રાવણ વદ ૧૦ ના રોજ રૂ. ૮–૦–૦ ના હપતા કરી આપ્યા મુજબ સદરહુ શખ્સ પાસે મહારૂં લ્હેણું ઉઘરાણી કરતાં તે આપતો નથી જેથી દાવાનું કારણ—

[૧] **દાવાની હકીકત**—પેહેલા હપતાના રૂ ૨) એ ઉપર લખી શાલના આશો વદી ૧૦ થી તે છેલા હપતાના રૂ ૨) એ સંવત ૧૯૪૩ ના ચૈત્ર વદી ૧૧ મે આપવા કરેલા—ત્યાં સુધી ચડેલા હપના ૪ ચારના રૂા.૮) આઠ નહિ આપવાથી વાંકાનેર મધ્યે દાવાનુ કારણ ઉત્પન્ન થયું.

[૨] **વસુલાત**—સદરહુ લેણા પેટે કાંઇ વસુલાત આવ્યું નથી.

[૩] **વ્યાજનો કરાર**—વ્યાજ કરી આપેલા કરાર મુજબ નહિ, પણ ટકા એક સેખે સંવત ૧૯૪૨ ના શ્રાવણ વદ ૧૦ થી તે

સંવત ૧૯૪૭ ના શ્રાવણ વદી ૨ લગી ૪—વરસ—૧૧—માસ—૨૨—દિ. ના રૂ. ૮) આઠના વ્યાજના રૂા. ૪—૧૨—૬ થયા તે.

[૪] દાદ માગવાની કે રૂા. ૧૨—૧૨—૬ મારા લેહેણા તે સદરહુ પ્રતિવાદીની જાત મિલકતથી આ દાવાના કુલ ખર્ચ સહિત વસુલ મળવાનું હુકમનામું કરી આપવાને મેહેરબાની કરશો.

(૫) **દાવાનો આધાર**—દાવાવાળા ખાતાની નકલ સાથે રજુછે.

(૬) **દાવા લવાજમ**—ફીના રૂ ૦—૯—૬ તથા સમન ફીના ૦—૧—૦ રજુ છે. એજ અરજ.

તા. ૨૨ આગષ્ટ સને ૧૮૯૧

હું વાદી ઇકરાર કરું છું કે આ અરજીમાં લખેલી બીના મારા જાણવા તથા માનવા પ્રમાણે ખરેખરી છે. તા. સદર.

ભરતીઉ.

સ્વસ્તી શ્રી રાણપુર મહાશુભસ્થાને પુજ્યરાયે અનેક સર્વે શુભ ઉપમા જોગ શા. શ્રીપ શા. બાપુજી મથુરચંદ ચરણાનજીવી ઘણી હજો એતાન શ્રી અમદાવાદથી લી શા. ઝવેરચંદ લલુભાઇના જુહાર બાંચજો જત અતરેથી તમારા વતી રેશમી ધોતીના જોડા તથા કિનખાબ વગેરે બર ખરીદ કરીને તેની ગાંસડી નં. ૨ રેલવે રસ્તે આજરોજ રવાના કરીછે. ને તેની રસીદ તમારાપર બીડી છે. તેનું ભરતીયું આ કાગળ મધ્યે ઉતારી મોકલ્યું છે.

ઉ

૧૭૫ રેશમી ધોતીઆના જોટા નં. ૫૦ લાલ કોરના દશવાર
લાંબા ૫૦ ઈંચ પનાના પ્રત રૂ. ૭ લેખે.
૩૦૦ કીનખાબ લીલી તથા રાતી મોટા બુટાવાળી દરેક જાત-
તની વાર વીશ વીશ પ્રત રૂ. ૭ાા લેખે
૧૦ા ખરાજાત.
૨) બારદાન હાથ ૨૫ બંધન સારૂં.
૦ાા અમદાવાદ સ્ટેશન લઈ જવાનું ભાડું
૩) અમદાવાદથી રાણુપુર સૂધીના નુરના.
૪ાાા દલાલીના સેંકડે રૂ. ૧ લેખે ૪૭૫ નો માલ—ખરીદી
મોકલ્યો તેના.

૧૦ા

૪૮૫ા

એ રીતે ભરતિયુ ઉતારી મોકલ્યું છે, તે પહોંચેથી તપાસીને રૂ. ૪૮૫ાની રકમ અમારા ખાતે જમાપાડી જવાબ લખજો ભુલ ચુક લેવી દેવી. સંવત ૧૯૪૯ ના વર્ષે ચૈત્ર વદ ૫ શુક્રવાર.

નોટીસ.

હું નીચે સહી કરનાર ધુળાભાઈ નારણભાઈ ગામ ધર્મજના રેહેવાશી મેહમદાબાદના તે નવાનગરના બ્રાહ્મણ ગીરધર મોતીને આ નોટીસથી ખબર આપું છું, કે મે તમારી સાથે નગરની દેશી પછે-ડીઓના જોટા ૨૦૦ બસો બે માસની અંદર તૈયાર કરવાનું સાટું

કરેલુંહતું અને તેના બાનામાં જામસાહી કોરી ૩૦૦ ત્રણુસો અગાઉથી આપેલી છે. હાલ બે માસની મુદતને બદલે ૭ માસ થઇ ગયા, તોપણુ તમે અમારા સટા મુજબ પછેડીઓ તૈયાર કરી આપેલી નથી. તો આ નોટીસ મળ્યા પછી પંદર દિવસની અંદર અમને કબુલાત મુજબ પછેડીઓના જોટા પહોંચતા કરી તમારો જે હિસાબ અમારી આગળ નિકળે તે લઇ જવો. જો સદરહુ મુદતની અંદર ફડચો નહિં કરો, તો અમોએ બાનામાં આપેલી કોરી ૩૦૦ બાર રામના બ્યાજ પ્રમાણે પાછી લેશું. એટલુંજ નહિ પણુ સાટા મુજબ પછેડીઓ ન કરી તેનું નુકશાન તથા આ કામને અંગે અમને ભાડુ ભથુ તથા સરકાર દરબાર ચઢાવાનું જેજે ખર્ચ પડશે, તે તમારી આગળથી વસુલ લઇશું. એજ તા. ૮ એપ્રીલ સને ૧૮૫૪ શનીવાર.

લી. સેખ ધુળાભાઇ નારણુભાઇ દા. પોતાના.

અરજ.

સરકાર મહેરબાન ખેડા જીલ્લાના કલેકટર સાહેબ મુ. ખેડા જીનાબમાં આપના તાબાના ગામ લીંબડીના રહીશ તલ વાણીઆ શાંકળલાલ નથુચંદની નમ્રતા પુર્વક અરજ એછેજે—નામદાર ! હું ઘણો ગરીબ માણુસ છું મેં ગુજરાતી છઠ્ઠા ધોરણુ સુધીનો અભ્યાસ કર્યો છે જાતે શ્રાવક વાણિયો. ઉમ્મર વર્ષ ૨૫ની છે. મારા- સાંભળવામાં આવ્યુંછે. કે હાલ સ્ટેટ ખાતે કારકુનની કેટલીક

જગ્યાઓ નવી કઢાડવાની છે. તો મને રૂ ૧૨—૦ થી કોઈ જગ્યા ઉપર ગોઠવવા મેહેરબાનની કરશો. જેથી હું મારૂં ગુજરાન ચલાવી, સાહેબ મેહેરબાનની વફાદારીથી નોકરી બજાવી દુઆમાં દુવા દઇસ. એજ અરજ તા. ૨૪ મે સને ૧૮૯૨

લી. ચર્ણરજ સેવક

સાંકળલાલ નથુચંદ

ગામ લોકની અરજી.

સરકાર મેહેરબાન કલેકટર સાહેબ બહાદૂર.

જીલ્લે ખેડા

સાહેબ મહેરબાનની પવિત્ર શેવામાં મોજે કેરીઆવી તાલુકે નડિઆદ ગામ લોકની અરજ એછે જે આ ગામના થડમાં કાંસઆવેલો છે તેથી—ચોમાસાની અંદર કાંસનું પાણી ગામમાં ભરાઇ જાય છે, ત્યારે ઘણા ખરા લોકને દર વરસે થોડું ઘણું નુકશાન વેઠવું પડે છે, માટે કાંસનું પાણી ગામમાં ન આવે તેવું બાંધકામ કરવાને મહેરબાની કરશો.

કાસનું પાણી વરસો વરસ ગામમાં ઘણી વખત આવે છે અને તેથી ગામની જમીન ખોદાતી જાય છે માટે જો તેનો વેળાસર ઈલાજ કરવામાં ન આવે તો એક વખત એવો પણ આવવાનો સંભવ છે કે ગામ ઉજડ થઇ જાય.

કાંસમાં જ્યારે પાણી આવે છે ત્યારે એ અઢી માથોડાં હોય છે.

તે છેક ગામમાં ઘુસી ગયોછે અને નાનાં છોકરાં અને જનાવરો તણાઈ જવાની જબરી ધાસ્તી છે.

આ કાંસના ખોદાણથી ગામના તળાવની પાળો પણ ખોદાતી જાય છે અને તેનો વેળાસર ઉપાય નહિ લેવામાં આવે તો તળાવના આરાના બાંધકામને પણ નુકશાન થાય એમ છે.

આવી રીતે આ કાંસને લીધે અમે મહા આપદામાં આવી પડયા છીએ, અને અમારા બચાવ માટે આપને અરજ કરીએ છીએ. એવી સરતથી કે કાંસથી ગામનો બચાવ થાય તેને માટે જે બાંધકામ કરવામાં આવે તેમાં રૂ(૪૦૦) અમો ગામ લોક મદદના આપીશું. ને ગાડાં મફત જોડીશું માટે આપ દયાળુ સાહેબે ગામ લોકના ઉપર દયા કરવી એજ અરજ તા.

ગામ લોકની સહીઓ.

ઉઘરાતદારનો રીપોર્ટ.

મહેરબાન રા. સા. મામલતદાર સાહેબ

તાલુકે વાગરા.

સાહેબ મહેરબાનની જનાબમાં મોજે મરીડાના ઉઘરાતદાર પા, ઘણી નમ્રતા પૂર્વક સલામ બાદ વિનતિ કે સરવે નંબર ની પડતર જમીનમાં બાવળનું ઝાડ હતુ. તે મજકુર ગામના પગી જુમાજી જાલુજીએ કાપીને અત્રેના શા. વેણીચંદ

માધવદાસને ત્યાં વેચ્યું છે, તે લાકડાં સદરહુ વેણીચંદના વાડામાં પડયાં છે માટે તાકીદે તપાસ થવાની જરૂર છે. નહિ તો ત્યાંથી લાકડાં બીજી જગોએ જશે. પછી મુદ્દાના માલનો પતો લાગવો મુશ્કેલ છે માટે તેની તજવીજ તાકીદે કરશો કે જેથી બીજા માણસો એ પ્રમાણે કરી સરકારની આવકને નુકશાન પહોચાડે નહિ. એજ અરજ. તા.

સહી. પા૦

ઊધરાતદાર મરીડા

પહોંચ.

સંવત ૧૯૫૧ના ચૈત્રવદ ૫ શુકરવાર તા. ૭ એપ્રીલ સને ૧૮૮૩ અગ્રેજી દીને શેહેર વીરમગામના રહેનાર શા. હરગોવન નથુ-ચંદ જાતે દશાશ્રીમાળી વાણિયા ઉમર વર્ષે ૨૪ ની ધંધો વેપારીનો જત હુ ગાંધી હીરાચંદ નાનચંદ રહેવાસી લીંબડીનો ઞાતે વિશા શ્રી-માળી શ્રાવક વાણિયા ઉમર વર્ષ ૫૭ ની આશરાની તમોને લખી આપું છું કે તમોએ આજરોજ મારી દુકાનેથી નીચે મુજબ સામાન લીધો છે.

૧૪૦) સાકર મણ ૨૦ વીશ પ્રત રૂા. ૭ લેખે.

૧૨૫) ગોળ મણ ૫૦ પાટલાનો પ્રત રૂા. રાા લેખે.

૨૬૫

ઉપર મુજબ રૂા. ૨૬૫) અંકે બસો પાંસઠ પુરા રોકડા મુંબાઇ

ગરા આજરોજ તમોએ મને ગણી આપ્યા તે પહોંચ્યા છે અને તેની આ પહોંચ લખી આપી છે તે અમારે કબુલ છે. દા. પોતાના.

અતર મતુ અતર સાખ

લી. ગાંધી હીરાચંદ નાનચંદ મતુ શા. સુંદરજી ધરાભાઈ શાખ

રે. લીંબડી દા. પોતાના રે. લીંબડીના દા. પોતાના

સમાપ્ત.